# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) સંસદના બંને ગૃહોમાં આજે પણ કેન્દ્રીય બજેટ 2026-27 પર ચર્ચા ચાલુ રહેશે

2) લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અવિશ્વાસ પ્રસ્તાવ પર નિર્ણય ન આવે ત્યાં સુધી ગૃહની કાર્યવાહીમાં ભાગ લેશે નહીં.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અત્યંત સુરક્ષિત અને સંકલિત ડિજિટલ ઇકોસિસ્ટમ વિકસાવવા નિર્દેશ આપ્યો.

4) સર્વોચ્ચ અદાલતે NIA સ્પેશિયલ કોર્ટની સ્થાપના માટે 17 રાજ્યોને નોટિસ પાઠવી

5) ICC પુરુષ T20 વિશ્વ કપમાં, આજે અમદાવાદ ખાતે દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# LS-RS-UNION-BUDGET

સંસદના બંને ગૃહોમાં આજે પણ કેન્દ્રીય બજેટ 2026-27 પર ચર્ચા ચાલુ રહેશે.

ગઈકાલે ચર્ચામાં ભાગ લેતા ભાજપના સુરેન્દ્ર સિંહ નાગરે જણાવ્યું કે બજેટમાં આર્થિક વિકાસ વધારવા, લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા અને તમામ સામાજિક ક્ષેત્રની યોજનાઓના લાભો સામાન્ય લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાને પ્રાથમિકતા આપવામાં આવી છે. NCP-SCPના ફૌઝિયા ખાને બાળકો સંબંધિત ખર્ચમાં ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિનો અહેવાલ

## VC: ANAND-FINAL

દરમિયાન, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ નૈતિક ધોરણે નિર્ણય લીધો છે કે જ્યાં સુધી વિપક્ષ દ્વારા તેમની સામે લાવવામાં આવેલી અવિશ્વાસ દરખાસ્તની નોટિસનો ઉકેલ ન આવે ત્યાં સુધી તેઓ ગૃહની કાર્યવાહીમાં ભાગ લેશે નહીં.

અગાઉ, વિપક્ષે શ્રી બિરલા સામે અવિશ્વાસ દરખાસ્તની નોટિસ લોકસભાના મહાસચિવને આપી હતી. લોકસભા સચિવાલયના સૂત્રોએ જણાવ્યું કે નોટિસની તપાસ કરવામાં આવશે અને નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

કોંગ્રેસ, ડીએમકે, સમાજવાદી પાર્ટી, આરજેડી અને ડાબેરી પક્ષો સહિત વિપક્ષી પક્ષોના 118 સભ્યોએ નોટિસ પર હસ્તાક્ષર કર્યા છે. જોકે, ટીએમસી સાંસદોએ નોટિસ પર હસ્તાક્ષર કર્યા નથી.

# DEFENCE-DRAFT

સંરક્ષણ વિભાગે સંરક્ષણ સંપાદન પ્રક્રિયા-2026નો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ ડ્રાફ્ટ ઉત્પાદન વધારવાની સાથે સંપાદનની ગતિને વેગ આપશે અને દેશમાં સંરક્ષણ ઇકોસિસ્ટમના વિકાસને પ્રોત્સાહન આપશે.

પ્રસ્તાવિત ડ્રાફ્ટનો ઉદ્દેશ્ય સંરક્ષણ ઉત્પાદન વધારવા અને ખરીદીને ઝડપી બનાવવાનો છે. મંત્રાલયે જણાવ્યું કે પ્રસ્તાવિત ડ્રાફ્ટ સંરક્ષણ ઉત્પાદન અને નિકાસને પ્રોત્સાહન આપશે અને આયાતને ફક્ત સ્થાનિક રીતે ઉપલબ્ધ ન હોય તેવા અને મહત્વપૂર્ણ ઉપકરણો સુધી મર્યાદિત કરશે. તેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રની સુરક્ષા અને તકનીકી વિકાસને એકીકૃત કરવાનો અને વિકસિત ભારત-2047 માટે એક માળખું પૂરું પાડવાનો છે.

# JAISHANKAR-BRICS SHERPAS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે બ્રિક્સ 2026 શેરપાઓ અને વિવિધ દેશોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે બ્રિક્સ તેની 20મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે આ સંગઠન આંતરરાષ્ટ્રીય સહયોગ, પરામર્શ અને સંકલન માટે એક મહત્વપૂર્ણ મંચ તરીકે ઉભરી આવ્યું છે, જે તેના લોકો-કેન્દ્રિત કાર્યસૂચિને આગળ ધપાવી રહ્યું છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે તેઓ બ્રિક્સ 2026ની પ્રાથમિકતાઓ: સ્થિતિસ્થાપકતા, નવીનતા અને ટકાઉ વિકાસને આગળ વધારવા માટે વિવિધ પ્રતિનિધિમંડળો દ્વારા રજૂ કરાયેલા સૂચનો અને વિચારોને મહત્વ આપે છે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે CBI અને ઇન્ડિયન સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર (IC4C) ને રાષ્ટ્રીય તપાસ એજન્સી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને બેંકો સાથે મળીને એક અત્યંત સુરક્ષિત અને સંકલિત ડિજિટલ ઇકોસિસ્ટમ વિકસાવવા નિર્દેશ આપ્યો છે. આનો ઉદ્દેશ્ય સાયબર ગુનેગારોથી "બે પગલાં આગળ" રહેવાનો અને નાણાકીય છેતરપિંડી અટકાવવાનો છે.

શ્રી શાહે જણાવ્યું કે સરકારે ત્રણ લાખ 61 હજાર સાયબર છેતરપિંડીની ફરિયાદો દ્વારા આઠ હજાર 189 કરોડ રૂપિયાનું સફળતાપૂર્વક રક્ષણ કર્યું છે. તેમણે I4C દ્વારા આયોજિત રાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SUPREME COURT- NIA

સર્વોચ્ચ અદાલતે 17 રાજ્યોને નોટિસ પાઠવી NIA વિશેષ અદાલતોની સ્થાપના સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ નોટિસ એવા રાજ્યો માટે છે જેમના આતંકવાદ વિરોધી કાયદા હેઠળ 10 કે તેથી વધુ કેસ પેન્ડિંગ છે. ગૃહ મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા વ્યાપક સ્ટેટસ રિપોર્ટ બાદ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે રાજ્યો પાસેથી જવાબ માંગ્યો છે.

બેન્ચે 17 રાજ્યોના મુખ્ય સચિવોને ત્રણ અઠવાડિયામાં રિપોર્ટનો જવાબ આપવા અને આવા કેસોમાં ઝડપી ટ્રાયલ અને ન્યાય સુનિશ્ચિત કરવા માટે ખાસ અદાલતોની સ્થાપના કરવાનો નિર્દેશ આપ્યો છે.

ગૃહ મંત્રાલયે આ વિશેષ અદાલતો માટે નાણાકીય સહાય પૂરી પાડવા માટેના માપદંડોને અંતિમ સ્વરૂપ આપ્યું છે.

# IND-UK AGREEMENT

ભારતે, બ્રિટન અને ઉત્તરી આયર્લેન્ડ સાથે સામાજિક સુરક્ષા યોગદાન અંગે સામાજિક સુરક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

વિદેશ સચિવ વિક્રમ મિશ્રી અને ભારતમાં બ્રિટિશ હાઇ કમિશનર લિન્ડી કેમેરોને ગઈકાલે નવી દિલ્હીમાં આ કરાર પર હસ્તાક્ષર કર્યા. મંત્રાલયે જણાવ્યું કે આ કરાર ટૂંકા ગાળાના વિદેશી કાર્યકાળ પર કર્મચારીઓ માટે ગતિશીલતા અને સતત સામાજિક સુરક્ષા કવરેજ સુનિશ્ચિત કરશે અને આ કરાર બ્રિટન સાથે

ભારતના વેપાર કરારનો એક ભાગ છે, જે વ્યાપક આર્થિક વેપાર કરાર સાથે જ અમલમાં આવશે.

શ્રી મિશ્રીએ બ્રિક્સ શેરપા સમિટમાં હાજરી આપવા માટે ભારતમાં આવેલા ચીનના કાર્યકારી નાયબ વિદેશમંત્રી મા ઝાઓક્સુ સાથે ભારત-ચીન વ્યૂહાત્મક સંવાદ પણ યોજ્યો હતો.

## BUS ACCIDENT

નેપાળના રામેછાપ જિલ્લામાં એક બસ અકસ્માતમાં 12 લોકોના મોત થયા છે. બસ ડ્રાઈવર સહિત આઠ લોકો ઘાયલ થયા છે. કાઠમંડુથી ઓખાલધુંગા જઈ રહેલી બસ મંથલી મ્યુનિસિપાલિટીના મસંતરમાં તામાકોશી નદીમાં ખાબકી હતી. પોલીસે બસ ડ્રાઈવરની અટકાયત કરી છે.

## T20 WORLD CUP

ICC મેન્સ T20 વિશ્વ કપમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો થશે. મેચ સવારે 11 વાગ્યે શરૂ થશે, જ્યારે ઇંગ્લેન્ડ અને વેસ્ટ ઇન્ડીઝ સાંજે 7 વાગ્યે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ટકરાશે. અને ઓસ્ટ્રેલિયાનો મુકાબલો બપોરે ૩ વાગ્યે આયર્લેન્ડ સામે થશે.

દરમિયાન ગઈકાલે કોલંબોમાં રમાયેલી મેચમાં પાકિસ્તાને અમેરિકાને 32 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, પાકિસ્તાને નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટે 190 રન બનાવ્યા. 191 રનના લક્ષ્યનો પીછો કરતા, અમેરિકા આઠ વિકેટે 158 રન જ બનાવી શક્યું.

અન્ય એક મેચમાં, ન્યુઝીલેન્ડે, યુએઈને 10 વિકેટથી, જ્યારે નેધરલેન્ડ્સે નામિબિયાને 7 વિકેટથી હરાવ્યું હતું.

## ISRAEI PM-TRUMP

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ આજે વોશિંગ્ટનમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે.

આ બેઠક દરમિયાન, શ્રી નેતન્યાહૂ ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ પર કડક વલણ અપનાવવા માટે તેમના પર દબાણ કરશે. ટ્રમ્પ સત્તામાં આવ્યા પછી, અમેરિકામાં આ તેમની છઠ્ઠી બેઠક હશે. તેઓ ઓક્ટોબરમાં જેરુસલેમમાં પણ મળ્યા હતા, જ્યારે ટ્રમ્પે ગાઝામાં યુદ્ધવિરામની જાહેરાત કરી હતી.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં નવા આઇટી નિયમો, સ્પીકર સામે અવિશ્વાસની દરખાસ્ત સહિત વિવિધ સમાચારોને સ્થાન અપાયું છે
- ગુજરાત સમાચારની હેડલાઇન છે. એક નવો નિયમ : નકલી કન્ટેન્ટ પર AI લખવું ફરજિયાત
- સંદેશનું મુખ્ય મથાળું છે. કેન્દ્રના નવા આઇટી રૂલ્સ AI કન્ટેન્ટ ઉપર લેબલિંગ ફરજિયાત કરાયું
- નવગુજરાત સમય લખે છે. લોકસભા સ્પીકર સામે વિપક્ષની અવિશ્વાસ દરખાસ્તની નોટિસ
- સ્થાનિક સમાચારોમાં.. સાબુમાં 30 કરોડના હેરોઇન સાથે એરપોર્ટ પર મુસાફર ઝડપાયો, ઇસનપુરની કેમિકલ કંપનીમાં આગ, આજથી ભવનાથ મેળાનો પ્રારંભ, 9 APMCને ચુંટણી યોજવા આદેશ સહિતના સમાચારોને સ્થાન અપાયું છે.